

શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

વિશેષાંક

# સત્સંગ સેવક

જૂન-૨૦૨૪

श्री घनश्याम महाराज
द्विशताब्दी महोत्सव



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

જૂન, ૨૦૨૪

## વિશેષાંક

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ
દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે...

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા આયોજિત

# શ્રી ઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવ

તા. ૨૧ થી ૨૭ મે, ૨૦૨૪

સં.૨૦૮૦, વૈશાખ સુદ-૧૩ થી વૈશાખ વદ-૪





# સત્સંગ સેવક

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ જેઠ સુદ-૭, તા.૧૩/૦૬/૨૦૨૪ ગુરુવાર

www.swaminarayanbhagwan.org satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan swaminarayanbhagwan



: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી
કુંડળધામ

## અનુક્રમણિકા

03 આમુખમ્
૦૪ મહોત્સવની પૂર્વ સંધ્યાએ...
૦૮ બ્રહ્મભોજન-ચોરાશી
૧૦ અખંડ ભજન પ્રારંભ
૧૨ પોથીયાત્રા
૧૪ મહોત્સવનો ભવ્ય શુભારંભ
૧૬ કથામૃતમ્
૧૮ શ્રીહરિચરિત્ર ચિંતામણિ કથા
૨૦ વિધવિધ શિબિર
૨૨ પ્રેમવર્ધક પદયાત્રા
દિવ્ય અભિષેક ૨૬
ભજન ભેટ અર્પણ ૨૮
ભવ્ય અન્નકૂટ 30
મહાસંમેલન એવં રવિસભા 3૨
શ્રીસ્વામિનારાયણ રાસ ભાગ-3 3૪
પ્રવચનમાળા 3૬
સામૂહિક મહાપૂજા 3૮
વિવિધ કાર્યક્રમો ૪0
છેલ્લા ૨૦ વર્ષની દિવ્ય સ્મૃતિ ૪૨
સત્સંગ સમાચાર ૪૯





# આમુખમ્

વહાલા ભક્તો, આ વર્ષે વડોદરા શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને ૨૦ વર્ષ થયાં. એ નિમિત્તે આપણા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી તા.૨૧ થી ૨૭ મે, ૨૦૨૪ દરમિયાન **શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવ** ખૂબ ભક્તિભાવ અને ઉમંગથી ઉજવાયો.

વડતાલધામ **શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ**ના ઉપક્રમે ઊજવાયેલ આ મહોત્સવ નિમિત્તે દેશવિદેશમાં વસતા હજારો હરિભક્તોએ ઘનશ્યામ મહારાજને ભેટ આપવાના ભાવથી ખૂબ ભજન કર્યું. વળી, પૂ.ગુરુજીએ મહોત્સવ દરમિયાન પણ એવું વાતાવરણ જાળવી રાખ્યું કે આ આખો મહોત્સવ ભજનોત્સવ બની ગયો. આથી **ઘનશ્યામ મહારાજે પ્રસન્ન થઈને મહોત્સવમાં શરૂઆતથી અંત સુધી સૌને અઢળક દિવ્ય સુખ ને આનંદ આપ્યાં.**

એવો તે આ મહોત્સવ કેવો ઊજવાયો કે સૌ કોઈને આટલો બધો આનંદ આવ્યો ? એવા તે કયા કયા કાર્યક્રમો યોજાયા હતા કે જાણે અક્ષરધામનો માહોલ ખડો થયો ? આ મહોત્સવની એવી તે કઈ વિશેષતાઓ હતી કે આ મહોત્સવ ચિરસ્મરણીય અને અદ્વિતીય બની ગયો ? જો આ પ્રશ્નોના આપને પ્રત્યક્ષ જવાબ જાણવા હોય તો આ મહોત્સવની તાદૃશ ઝાંખી કરાવતા આ વિશેષાંકના દરેક પેજને નીરખી નીરખીને નિહાળવા જોઈશે.



# મહોત્સવની પૂર્વ સંધ્યાએ...

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજના ૨૦મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાને આંગણે તા.૨૧ થી ૨૭ મે, ૨૦૨૪ દરમ્યાન **‘શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવ’**નું અનેરું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં પૂ.ગુરુજીની પ્રેરણાથી અનેક પ્રકારનાં ભજનની વહાલા ઘનશ્યામ મહારાજને ભેટ આપવામાં આવી હતી. માત્ર ૨૦ જ દિવસમાં સંતો-ભક્તોએ ખૂબ જ ભજન કરી વહાલા મહારાજને ખૂબ રાજી કર્યા હતા.

આ ભજનના જ એક ભાગરૂપે **તા.૦૧/૦૫/૨૦૨૪થી વડોદરા શહેરમાં જુદા જુદા વિસ્તારમાં તે તે વિસ્તારનાં હરિભક્ત ભાઈઓ-બહેનો, આબાલ-વૃદ્ધ સૌએ ભેગા મળી પ્રભાતફેરી અને સંધ્યાફેરીનો ધૂનની રમઝટ બોલાવતા ઉત્સાહ અને ઉમંગથી અનેરો લાભ લીધો હતો.**

તેમાં પૂ.ગુરુજી અને સંતો પણ જોડાતાં ભક્તોના ઉમંગનો કોઈ પાર રહ્યો ન હતો. વળી, દરરોજ રાત્રે અલગ અલગ એરિયામાં મંગળ ગીતગાન કરી વહાલા ઘનશ્યામ મહારાજને રાજી કર્યા હતા.

## પ્રભાતફેરી

















WATCH VIDEO

## સંધ્યાફેરી







## મહોત્સવ આમંત્રણ સોંગ વિમોચન-કુંડળધામ






## ઘનશ્યામ મહારાજને ભેટ આપવા ભજન કરતા સંતો-ભક્તો


મંત્રલેખન


મંગળ ગીતગાન


મંગળ ગીતગાન


ચેષ્ટા વિડીઓ ધ્યાન




મંત્રજપ


તિલચિહ્ન વિડીઓ ધ્યાન


ધૂન


હરિસ્મૃતિ પાઠ


શ્રીજીચાલીસા પાઠ


પ્રદક્ષિણા



INDEX

## સુરતને આંગણે મહોત્સવ આમંત્રણ સોંગ વિમોચન એવં રવિસભા












શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજના ૨૦મા પાટોત્સવ પ્રસંગે શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવની પૂર્વ સંધ્યાએ **તા.૦૫/૦૫/૨૦૨૪ના રોજ કુંડળધામ**માં રવિસભાને અંતે મહોત્સવનું ઉત્સાહવર્ધક **‘લેવા લાખેણો લ્હાવો, વડોદરા આવો રે આવો...’** આમંત્રણ સોંગનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં કુંડળધામમાં વેકેશન કરવા આવેલા બાળકો-કિશોરોએ આ આમંત્રણ સોંગ ઉપર નૃત્ય કરી વડોદરા મહોત્સવમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું હતું. ઘણા ભક્તોએ તો આ આમંત્રણ સોંગને પોતાના મોબાઇલમાં રીંગટોન તરીકે રાખી મહોત્સવમાં આવવાનો ઉત્સાહ વધાર્યો હતો.

વળી, **તા.૧૯/૦૫/૨૦૨૪ના રોજ સુરત-મૂર્તિબાગ**માં રવિસભાને અંતે **‘તમને એમ થાય છે ને....’** આ વિડિયો આમંત્રણનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ આમંત્રણ સોંગ અને ડ્રામાએ તો આજે ને આજે જ મહોત્સવ માણવા માટે જઈએ તેવું ઘેલું લગાડ્યું હતું.





ભૂદેવોનું પૂજન





ભૂદેવોને પ્રભુપ્રસાદ પીરસતા પૂ.સંતો

WATCH VIDEO

# બ્રહ્મભોજન–ચોરાશી







આજથી ૨૦૦ વર્ષ પૂર્વે શ્રીજીમહારાજે ઘણી વાર બ્રાહ્મણોની ચોરાશી કરી ભૂદેવોને ભાવથી જમાડ્યા હતા. શ્રીહરિજી મહારાજની એ પરંપરાને તાદૃશ્ય કરવા શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવની પૂર્વસંધ્યાએ **તા.૨૦/૦૫/૨૦૨૪ ને સોમવારના રોજ પૂ.ગુરુજીએ 'સહજાનંદ ભુવન'ના બેઝમેન્ટમાં બ્રહ્મભોજન-ચોરાશીનું ભવ્ય અને દિવ્ય આયોજન** કર્યું હતું.

લગભગ ૧૨૫૦ ઉપરાંત ભૂદેવો આ બ્રહ્મચોરાશીમાં પધાર્યા હતા. પૂ.સંતોએ તમામ ભૂદેવોને ચંદનથી પૂજન કરી ભોજન પીરસ્યું હતું. ભોજનના અંતે પ.પૂ.ગુરુજીએ તથા પૂ.દયાળુ સ્વામીએ બ્રાહ્મણોને દક્ષિણા આપી તૃપ્ત કર્યા હતા. આજના આ ઝડપી જમાનામાં એકસાથે આટલી મોટી સંખ્યામાં ભૂદેવો બ્રહ્મભોજન માટે એકઠા થયા અને સંતોષપૂર્વક ભોજન તથા દક્ષિણા મેળવી અત્યંત રાજીપા સાથે વિદાય લીધી. એ સૌ કોઈને ઘનશ્યામ મહારાજના ચમત્કાર જેવું જ લાગ્યું.

આ બ્રહ્મચોરાશીનું આયોજન, ટેબલ-ખુરશી પર ભોજનની વ્યવસ્થા, સંતો જાતે બધા ભૂદેવોને પીરસીને જમાડે, આટલા બધા ભૂદેવોને પૂરતા પ્રમાણમાં ભોજન-દક્ષિણા અને અંતે ઘનશ્યામ મહારાજના પ્રસાદીના પાનબીડાનો મુખવાસ; આ બધું જોઈ ઉપસ્થિત અનેક ભૂદેવોએ પણ આ વાતને એક પરચો જણાવી આનંદ વ્યક્ત કર્યો હતો. પૂ.ગુરુજી તથા સંતો-ભક્તોની ભાવના જોઈને ખૂબ પ્રભાવિત થયેલ તે બ્રહ્મદેવોએ સ્વામિનારાયણ ભગવાનનો વારંવાર જયઘોષ કરી, તેઓ આ સમગ્ર મહોત્સવને નિર્વિઘ્નપણે પૂર્ણ કરે; એવા આશીષ આપ્યા હતા.





ભૂદેવોને દક્ષિણા



પ્રભુપ્રસાદ આરોગતા ભૂદેવો

# : અખંડ ભજન પ્રારંભ :
# ધૂન, દંડવત, પ્રદક્ષિણા, મંત્રલેખન

શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવ અંતર્ગત પૂ.ગુરુજીની પ્રેરણાથી મહોત્સવની પૂર્વસંધ્યાએ વહાલા ઘનશ્યામ મહારાજને રાજી કરવા અલગ-અલગ ૧૦ જેટલા પ્રકલ્પોમાં ભજનનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશનાં હજારો આબાલ-વૃદ્ધ સૌ ભાઈઓ-બહેનો આનંદ અને ઉલ્લાસથી જોડાયાં હતાં. એમાં પણ ધૂન, દંડવત, પ્રદક્ષિણા અને મંત્રલેખન આ ચાર પ્રકલ્પો તો મહોત્સવ દરમિયાન પણ અખંડ-અવિરત ચાલતા રહ્યા હતા...!! જે આ મહોત્સવનું અનેરું અને અનોખું આકર્ષણ હતું.

**તા.૨૧/૦૫/૨૦૨૪**ના રોજ ઘનશ્યામ મહારાજની શણગાર આરતી બાદ શ્રીઘનશ્યામ મહારાજના ગર્ભગૃહમાંથી શણગાર આરતીની જ્યોતને લઈ પૂ.ગુરુજીએ પોતાના વરદહસ્તે સભામંડપમાં અખંડભજનના સ્થાને અખંડજ્યોત તરીકે સ્થાપિત કરી. ત્યારબાદ પ.પૂ.ગુરુજીએ તથા પૂ.સંતોએ દીપ પ્રાગટ્ય કરી આ ચારેય પ્રકલ્પોમાં અખંડ ભજનનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં નાના નાના ભૂલકાંઓથી માંડીને વડીલો તથા પૂ.સંતોએ ખૂબ શ્રદ્ધા-ભાવથી આ ચાર પ્રકલ્પમાં ખૂબ ભજન કરી વહાલા મહારાજ અને પૂ.ગુરુજીને ખૂબ રાજી કર્યા હતા. તેમાં પણ દંડવતમાં તો બધાને એવો આનંદ આવતો કે નાના નાના બાળકોથી માંડીને યુવાનો, વડીલો અને સંતો પણ રોજના ૨૦૦ થી ૧૦૦૦ ઉપરાંત દંડવત કરી મહારાજને રાજી કરતા હતા. આ પ્રકલ્પોએ તો જાણે મહોત્સવને ભજનોત્સવમાં ફેરવી દીધો હતો..!



WATCH VIDEO





## અખંડ ધૂન...







## અખંડ દંડવત...








## અખંડ પ્રદક્ષિણા...







## અખંડ મંત્રલેખન...







# : પોથીયાત્રા :

શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવના પ્રારંભમાં **તા.૨૧/૦૫/૨૦૨૪**ના રોજ બપોર પછી કારેલીબાગની સ્ટેટ બેંક સોસાયટીના જ્ઞાનવિલા બિલ્ડીંગથી ભવ્ય પોથીયાત્રાનો રંગેચંગે પ્રારંભ થયો હતો. સૌ પ્રથમ યજમાનો તથા વક્તાશ્રીઓએ પોથીપૂજન કર્યું હતું. પછી પોથીસ્વરૂપ વહાલા મહારાજને મસ્તક પર ધારણ કરી યજમાન પરિવારના સભ્યો પોથીયાત્રામાં જોડાયા હતા.

વ્યાસ સ્વરૂપ વક્તા પ.પૂ.ગુરુજી તથા પૂ.દયાળુ સ્વામી સુંદર રથમાં દર્શન આપી રહ્યા હતા. અને સુંદર શણગારેલા ટ્રેક્ટરમાં પોતાના હૃદયકમળમાં શ્રીજીમહારાજને અખંડ ધારી રહેલા એવા બ્રહ્મનિષ્ઠ સંતો-પાર્ષદો પણ દર્શન આપી રહ્યા હતા. યુવાનો બુલેટબાઇક પર અને બાળકો સાયકલ પર સવાર થઈ પોથીયાત્રામાં જોડાયા હતા. વળી, ઉનાળાની ગરમીથી બચવા માટે રંગબેરંગી છત્રીઓ સાથે જોડાયેલા હરિભક્તો બેન્ડવાજા અને ડી.જે.ના સથવારે ધૂન-કીર્તન સાથે આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસથી નાચ-ગાન કરતાં કરતાં કથાસ્થળે પહોંચ્યા હતા. સૌના હૃદયેશ્વર એવા રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં અલગ અલગ ત્રણ સુંદર સ્વરૂપો કે જે નેત્ર અને હૃદયને ઠારે એવાં અલૌકિક રથમાં આરૂઢ થઈ નગરજનોને દર્શન આપતાં થકાં ખૂબ ચિત્તાકર્ષક લાગી રહ્યાં હતાં.

INDEX

WATCH VIDEO












શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા આયોજિત
શ્રી ઘનશ્યામ મહારાજ
દ્વિદશાબ્દી મહોત્સવ

# મહોત્સવનો ભવ્ય શુભારંભ

પોથીયાત્રા કથા સ્થળે પહોંચ્યા બાદ પૂ.ગુરુજી અને કારેલીબાગ હવેલીમાંથી પધારેલ વૈષ્ણવાચાર્ય ગો.૧૦૮ શ્રીયોગેશ્વર બાવાશ્રીના વરદહસ્તે મહોત્સવના લોગોને બલૂન દ્વારા આકાશમાર્ગે વહેતો મુકાયો હતો. ત્યારબાદ વહાલા મહારાજને સાથે રાખી પૂ.ગુરુજી અને પૂ.બાવાશ્રી દ્વારા શ્રીફળ વધેરી, રીબિન કટિંગ કરી મહોત્સવના દ્વાર ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. સર્વ સંતો-ભક્તોએ મુખ્ય પ્રવેશદ્વારથી વાજતે ગાજતે સભામંડપમાં પ્રવેશ કર્યો. પોથી સ્વરૂપ પરમાત્માને વ્યાસાસને વિરાજમાન કર્યા બાદ યુવકો, કિશોરો અને બાળકોએ ભેગા મળી વહાલા મહારાજ, પૂ.ગુરુજી તથા પૂ.સંતો અને હરિભક્તોના વધામણા માટે અદ્‌ભુત સ્વાગત નૃત્ય રજૂ કર્યું.


ત્યારબાદ પૂ.ગુરુજી, પૂ.યોગેશ્વર બાવાશ્રી તથા યજમાન પરિવારના સહુ સભ્યો પ.ભ.જયેશભાઈ, પ.ભ.મિતેશભાઈ, પ.ભ.ચંદ્રકાંત ભાઈ તથા ચિ.દ્વિજના કરકમળો દ્વારા ભવ્ય ડાયમંડ દીપ પ્રાગટ્ય કરી આ મહોત્સવનો ભવ્ય શુભારંભ થયો હતો. આ પ્રસંગે પૂ.ગુરુજી તથા પૂ.યોગેશ્વર બાવાશ્રીએ મંગલ પ્રવચનનો લાભ આપ્યો હતો.





WATCH VIDEO













# કથામૃતમ્

શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવ પ્રસંગે પ.પૂ.ગુરુજીએ દરરોજ સવારે **‘શિક્ષાપત્રીભાષ્યની કથા’**નું પોતાની આગવી શૈલીમાં રસપાન કરાવ્યું હતું. તેમજ **તા.૨૩ અને ૨૫/૦૫/૨૦૨૪**ના રોજ બપોર પછી સદ્.શ્રીનિષ્કુળાનંદ સ્વામી રચિત **‘મારે મોહન સંગે મેળાપ...’** એ કીર્તન ઉપર વિવેચન કરી પ્રભુમાં પ્રેમ વધારવાનું ભાથું પૂરું પાડ્યું હતું.

WATCH VIDEO













# શ્રીહરિચરિત્ર ચિંતામણિ કથા

બપોર પછી પૂ.દયાળુ સ્વામીએ **સદ્.શ્રીદયાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્ર ચિંતામણિ'** ગ્રંથની કથાનો અનેરો લાભ આપ્યો હતો. તેમાં પણ કથા પ્રસંગે ૨૦૦ વર્ષ પૂર્વે દેશોદેશના ભક્તો પ્રભુનાં દર્શને આવે ત્યારે કેવું દૃશ્ય સર્જાતું હશે.! તેનો સાક્ષાત્ પ્રત્યક્ષભાવ થઈ જાય તેવું નવલું નજરાણું ખડું થયું હતું. તેનાથી તો સૌ ભક્તોમાં ભક્તિભાવનો હિલોળો ચડ્યો હતો.







WATCH VIDEO







# બાલ-બાલિકા શિબિર-૩૫ એવં કિશોર-કિશોરી શિબિર-૭








આજની પેઢીના બાળકો-કિશોરોના યોગ્ય ઘડતર માટે પૂ.ગુરુજીની પ્રેરણાથી મહોત્સવ અંતર્ગત **તા.૨૨ થી ૨૬/૦૫/૨૦૨૪** દરમિયાન **બાલ-બાલિકા શિબિર** એવં **કિશોર-કિશોરી શિબિર**નું સુંદર આયોજન થયું હતું. શિબિરના પ્રારંભમાં વડોદરાના બાળકો તથા કિશોરોએ સ્વાગત નૃત્ય દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજ, પૂ.ગુરુજી અને પૂ.સંતોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ.ગુરુજીએ દીપ પ્રાગટ્ય દ્વારા શિબિરનો શુભારંભ કરાવ્યો હતો. બાળકોના સર્વાંગી ઉત્કર્ષ માટે સંતોએ પ્રેઝન્ટેશન, પ્રવચન, એક્ટિવિટી, ટેલેન્ટ શો, વિવિધ ગેમ જેવા અનેક કાર્યક્રમોના માધ્યમે બાળકોમાં સંસ્કાર અને સત્સંગના પાયા નાંખ્યા હતા. પૂ.ગુરુજી તથા પૂ.સંતોએ આપેલ આવા નિઃસ્વાર્થ પ્રેમને જોઈને બાળકો તથા કિશોરોને પોતાનાં ઘર ભૂલાઈ ગયાં હતાં. સહુનો એક જ ઉદ્ગાર હતો બહુ મજા આવી... બહુ મજા આવી....



# પ્રૌઢ-પ્રૌઢા શિબિર-૯

આ મહોત્સવ અંતર્ગત પૂ.ગુરુજીની પ્રેરણાથી **તા.૨૨ થી ૨૬/૦૫/૨૦૨૪** દરમિયાન **પ્રૌઢ-પ્રૌઢા શિબિર**નું આયોજન કર્યું હતું. પૂ.ગુરુજીએ વડીલ ભક્તોને સાથે રાખી દીપ પ્રાગટ્ય દ્વારા શિબિરનો શુભારંભ કરાવ્યો હતો. પૂ.સંતોએ શિબિરમાં મહિમા, નિષ્ઠા, આશરો, વિશ્વાસ જેવા ટોપિક પર સુંદર આધ્યાત્મિક પોષણ પૂરું પાડ્યું હતું. આ શિબિરનો લાભ લઈ સહુ વડીલોએ પણ છેલ્લી ઉંમરમાં ભગવાનનું ભજન કરી મોક્ષ સુધારી લેવાના ઠરાવ કર્યા હતા.






# યુવા-યુવતી શિબિર-૧૬










આ મહોત્સવ અંતર્ગત **તા.૨૫ થી ૨૬/૦૫/૨૦૨૪ દરમિયાન યુવા -યુવતી શિબિર-૧૬**નું આયોજન રાખવામાં આવ્યું હતું. પ.પૂ.ગુરુજી અને પ.પૂ.સદ્.શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી-ધોરાજીએ દીપ પ્રાગટ્ય કરી શિબિરનો શુભારંભ કરાવ્યો હતો. પ્રશ્નોત્તરીના માધ્યમે પૂ.ગુરુજીએ યુવાનોને જીવનમાં સુખી રહેવાની ચાવી બતાવી હતી.

ત્યારબાદ સત્સંગી યુવાનો અને યુવતીઓને જીવનમાં વ્યાવહારિકતા અને આધ્યાત્મિકતાનું બેલેન્સ કરવા માટે સમજણની દૃઢતા થાય તેવા હેતુથી **પૂ.દયાળુ સ્વામી**એ **'પ્રાપ્તિનો કેફ કેટલો જરૂરી ?'** એ ટોપિક ઉપર અને **પૂ.સ્નેહાળુ સ્વામી**એ **'સહનશક્તિ એ સુખનો ઉપાય'** એ વિષય ઉપર પ્રેરણાદાયી પ્રેઝન્ટેશન દ્વારા આધ્યાત્મિક પોષણ પૂરું પાડ્યું હતું.



શ્રીસ્વા.મંદિર, કારેલીબાગથી
શ્રીસ્વા.મંદિર, વાડી

# પ્રેમવર્ધક પદયાત્રા

શ્રીસ્વા.મંદિર, વાડીથી
શ્રીસ્વા.મંદિર, કારેલીબાગ

WATCH VIDEO













શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવ અંતર્ગત પૂ.ગુરુજીની પુનિત પ્રેરણાથી **તા.૨૩/૦૫/૨૦૨૪** ને ગુરુવાર, વૈશાખ સુદ પૂર્ણિમાના પાવન પર્વે શ્રીઘનશ્યામ મહારાજની મંગળા આરતી બાદ બરાબર ૬:૧૦ વાગ્યે કારેલીબાગ મંદિરેથી હરિસ્મરણ સાથે પદયાત્રાનો પ્રારંભ કરાયો હતો. જેમાં પૂ.ગુરુજી તથા સંતો સાથે જાણે સાક્ષાત્ રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાન ચાલી રહ્યા હોય તેવું અદ્‌ભુત દૃશ્ય સર્જાયું હતું.

પૂ.ગુરુજી, સંતો અને આશરે ૫૦૦૦ જેટલાં આબાલ-વૃદ્ધ હરિભક્ત ભાઈઓ-બહેનો આ પદયાત્રામાં જોડાયાં હતાં. વહેલી સવારે પવિત્ર વાતાવરણમાં સંતો અને હજારો હરિભક્તો ડગલે ડગલે હરિસ્મરણ કરતાં થકાં ઉમંગથી ચાલતા હતા. ૭:૦૦ કલાકે પદયાત્રા શ્રીસ્વામિનારાયણ મંદિર-વાડીના પ્રાંગણમાં પ્રવેશી. પદયાત્રીઓએ મંદિરમાં દેવોની શણગાર આરતીનાં દર્શન કર્યાં.

ત્યારબાદ કારેલીબાગ મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન માટે પુનઃ પદયાત્રાનો પ્રારંભ કર્યો. ૮:૫૫ વાગ્યે આ પદયાત્રા મંદિરે પહોંચી શ્રીઘનશ્યામ મહારાજની શણગાર આરતીનાં દર્શન કર્યાં; આમ એકસાથે બે પદયાત્રાનું અનોખું આયોજન આ મહોત્સવમાં કરવામાં આવ્યું હતું. પદયાત્રાના માધ્યમે સૌ પ્રભુમાં અનેરો ભાવ-પ્રેમ-હેત વધારી ધન્ય બન્યા હતા.







# ફૂલ તથા ચંદનના શૃંગારથી શોભતા શ્રીઘનશ્યામ મહારાજ તથા અન્ય દેવો









WATCH VIDEO



















# દિવ્ય અભિષેક

શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દિ મહોત્સવનો હૃદય સમો કાર્યક્રમ એટલે વહાલા ઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક. **શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રીરાધાકૃષ્ણ દેવના ૨૦મા વાર્ષિક પાટોત્સવ** પ્રસંગે **વિ.સં.૨૦૮૦ વૈશાખ વદ-૨, તા.૨૫/૦૫/૨૦૨૪** ને શનિવારના રોજ પાટોત્સવના દિવસે પવિત્ર ભૂદેવ દ્વારા પૂ.સંતોએ અને અ.નિ.નિરવભાઈ જયેશભાઈની પુણ્યસ્મૃતિમાં યોજાયેલ આ મહોત્સવના યજમાન પ.ભ.જયેશભાઈ, પ.ભ.મિતેશભાઈ, પ.ભ.ચંદ્રકાંત ભાઈ અને ચિ.દ્વિજ વગેરેએ શ્રીહરિકૃષ્ણ મહારાજની પૂજાવિધિ કરી.

ત્યારબાદ પ.પૂ.ગુરુજી, ધોરાજીથી પધારેલ પ.પૂ.સદ્.શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી, અયોધ્યાથી પધારેલ પૂ.શ્યામસુંદરદાસજી મહારાજ તથા પૂ.સંતો દ્વારા **વહાલા ઘનશ્યામ મહારાજનો ૧૧૦૦ લીટર ઉપરાંત દૂધ, દહીં, મધ, સાકર, વિવિધ જ્યુસ, કેસરજળ વગેરે દ્વારા દિવ્ય અભિષેક** કરવામાં આવ્યો હતો. વિવિધ જ્યુસથી અભિષેક થઈ રહ્યો હતો ત્યારે મહારાજની આ અલૌકિક મૂર્તિ સૌ કોઈના હૃદયમાં ઊતરી ગઈ હતી. તેમાં પણ મનોહર મોતીના દાણા અને વરિયાળીના અભિષેકનાં દર્શન તો સૌનાં ચિત્તમાં ચોંટી ગયાં હતાં.

આ અભિષેકના દર્શનનો હજારો લોકોએ પ્રત્યક્ષ અને Netના માધ્યમે લાભ લીધો હતો. અંતે શ્રીહરિજીના શ્રીઅંગને સ્પર્શેલ અભિષિક્ત પ્રાસાદિક જ્યુસનું પાન કરી સૌ ભક્તો પાવન બન્યા હતા.



WATCH VIDEO

| | |
|---|---|
| જપ | ૧,૦૦,૬૭,૪૯,૭૬૦ |
| જનમંગલ પાઠ | ૪,૬૩,૫૪૫ |
| પ્રદક્ષિણા | ૧૧,૬૬,૯૨૫ |
| દંડવત | ૪,૨૪,૧૧૧ |
| શ્રીજી ચાલીસા પાઠ | ૧,૧૭,૪૫૫ |
| ધૂન | ૫૯,૨૨૬ કલાક |
| તિલચિહ્ન વીડિયો ધ્યાન | ૫૬,૩૮૭ |
| તિલચિહ્ન ઉથલ | ૫૧,૮૬૦ |
| હરિસ્મૃતિ પાઠ | ૨૭,૬૫૬ |
| ચેષ્ટા વીડિયો ધ્યાન | ૨૩,૦૮૩ |

ભજન ભેટ





















# ભજન ભેટ અર્પણ

શ્રીઘનશ્યામ મહારાજના ૨૦મા પાટોત્સવ પ્રસંગે પૂ.ગુરુજીના ઉરમાં એવી ભાવના થઈ કે ભગવાનને તો ભજન ખૂબ ગમે છે, તો આપણે બધા વહાલા ઘનુજીને તેમના ૨૦મા જન્મદિન નિમિત્તે **ભજનની ગિફ્ટ** આપીએ..!! પૂ.ગુરુજીના દિલની આ ભાવનાને સૌ સંતો-ભક્તોએ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી.

ભજન માટેના ૧૦ પ્રકલ્પો નક્કી કરવામાં આવ્યા. અને સૌ સંતો-ભક્તો ઘનુને ભેટ આપવા માટે ખૂબ ભજનમાં લાગી પડ્યા. પૂ.ગુરુજીએ આપેલા ટાર્ગેટ કરતાં અનેક ગણું ભજન કરી સહુએ વહાલા ઘનશ્યામ મહારાજને રાજી રાજી કરી દીધા.

**તા.૨૫/૦૫/૨૦૨૪**ના રોજ વહાલા ઘનશ્યામ મહારાજના બર્થ ડેનો એ પાવન દિવસ આવ્યો, ત્યારે દેશ-વિદેશમાં રહેલા હજારો હરિભક્તોએ કરેલ ભજનને ભેગું કરવાનું અનોખું આયોજન કરવામાં આવ્યું. તમામ સંતો-ભક્તોએ પોતે કરેલ ભજનની નોંધ એક ચિઠ્ઠીમાં કરી. પછી પૂ.સંતોએ સભામાં ફરીને સૌની પાસેથી તે ભજન લખેલી ચિઠ્ઠી ટોપલામાં સ્વીકારી અને એ બધું જ ભજન પૂ.ગુરુજીને અર્પણ કર્યું. ત્યારબાદ તે ભજન ભેટની આરતી ઉતારવામાં આવી હતી.

પછી એ ભજન ભેટના ટોપલા પ.પૂ.ગુરુજી, પ.પૂ.સદ્. શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી-ધોરાજી, અયોધ્યાથી પધારેલ પૂ.શ્યામસુંદરદાસજી મહારાજ તેમજ વડીલ સંતોએ પોતાના મસ્તક પર ધારણ કર્યા. ઢોલ-નગારાના સથવારે વાજતે-ગાજતે અનેરા ઉત્સાહ સાથે સંતો-ભક્તો ભજન ભેટ લઈને સભામંડપમાંથી મંદિરે પહોંચ્યા, ત્યારે તે સમયનાં દૃશ્યોને જોઈ હજારો હરિભક્તો સ્નેહસાગરમાં ડૂબી ગયા હતા. સંતો-હરિભક્તોના ભજનની મહામૂલી ભેટ પૂ.ગુરુજીએ ઘનશ્યામ મહારાજનાં ચરણોમાં શ્રદ્ધાભેર સમર્પિત કરી હતી.




# ભવ્ય અન્નકૂટ



શ્રીઘનશ્યામ મહારાજના અભિષેક બાદ વહાલા ઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ, શ્રીલક્ષ્મીનારાયણ દેવ આદિક દેવો અને મહિલા મંદિરમાં બિરાજમાન શ્રીસ્વામિનારાયણ ભગવાનની સમીપે ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. તેમાં વડોદરા તેમજ દેશ-વિદેશથી પધારેલ ભક્તોએ ભાવની ભીનાશથી વિવિધ વાનગીઓ બનાવી હતી. કુલ મળીને **૧૧૧૧ કિલો અન્નકૂટ વહાલા ઘનુ મહારાજને ધરાવવામાં આવ્યો હતો.**

સહુ ભક્તોએ કરેલ ભજનની ભેટ પણ વહાલા ગુરુજીએ આ અન્નકૂટની સાથે મહારાજને અર્પણ કરી હતી. ત્યારબાદ પૂ.ગુરુજી અને વડીલ સંતોએ અન્નકૂટની મહાઆરતી ઉતારી સહુને દિવ્યતાથી ભરી દીધા હતા.

WATCH VIDEO









શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ આયોજિત

200 શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15 Nov. 2024

ઉપક્રમે...

# મહાસંમેલન એવં રવિસભા



WATCH VIDEO



















વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવમાં **તા.૨૬/૦૫/૨૦૨૪**ના રોજ ભવ્ય સત્સંગ મહાસંમેલનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ધામોધામથી અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સંતસમૂહની ઉપસ્થિતિમાં પૂ.ગુરુજીએ રવિસભાનો પણ વિશેષ લાભ આપ્યો હતો. જેમાં સદ્.શ્રીમુક્તાનંદ સ્વામી રચિત **'ધીર ધુરંધરા શૂર સાચા ખરા...'** એ કીર્તન વિવેચનના માધ્યમે ભગવાનમાં વિશ્વાસ રાખી ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવા ઉપર સદૃષ્ટાંત સુંદર વાતો કરી હતી.

આ પ્રસંગે પૂ.ગુરુજી રચિત વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના આમંત્રણ પદ **'વડતાલધામના ૨૦૦ વર્ષના, મહા મહોત્સવમાં આવો રે...'** નું નૃત્યના સથવારે ધમાકેદાર વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પાવન અવસરે ગઢપુર ટેમ્પલ બોર્ડના નવા ચૂંટાયેલા તમામ સભ્યોનું ઉપસ્થિત સૌ વરિષ્ઠ પૂ.સંતોની હાજરીમાં વિશેષ સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે વર્ચ્યુઅલી આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ સંતોએ પણ આ મહોત્સવ અંગે પોતાની ભાવઊર્મીઓ વ્યક્ત કરી હતી.

INDEX

# स्वामिनारायण रास ३

શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવ અંતર્ગત તા.૨૬/૦૫/૨૦૨૪ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા સત્સંગને ભેટ અપાયેલ નવલું નજરાણું એટલે 3D એનિમેશનમાં કંડારાયેલ **શ્રીસ્વામિનારાયણ રાસ ભાગ-3.**

શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા નંદસંતોનો ઐતિહાસિક અને અલૌકિક એવો પંચાળામાં થયેલો મહારાસ આબેહૂબ નજર સમક્ષ તાદૃશ્ય થાય અને અનોખી અદા સાથે લટકાં-મટકાં કરતી એ મનમોહક મૂર્તિ ભક્તોના હૃદયમાં સહેજે વસી જાય; એવા શુભ હેતુથી પ્રકાશિત કરવામાં આવેલ આ સ્વામિનારાયણ રાસ-3 પૂજ્ય ગુરુજીએ ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરાવ્યો છે.

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં પ.પૂ.ગુરુજી તેમજ ધામોધામથી પધારેલા સંપ્રદાયના અનેક મૂર્ધન્ય સંતોના વરદહસ્તે નૃત્ય-નાટિકાના સહારે આ રાસનું ભવ્ય રીતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ રાસને નિહાળીને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ઉપસ્થિત સહુ સંતો તથા હજારો હરિભક્તો મહારાજની એ મૂર્તિમાં તલ્લીન થઈ ગયા હતા.













WATCH VIDEO













# સામૂહિક મહાપૂજા

સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહાપૂજાનું અનોખું મહત્ત્વ છે. પૂ.ગુરુજીએ હજારો હરિભક્તોની સુખાકારી અર્થે શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવ અંતર્ગત તા.૨૭/૦૫/૨૦૨૪ના રોજ સવારે સામૂહિક મહાપૂજાનો એક યુનિક કાર્યક્રમ ગોઠવ્યો હતો. આ મહાપૂજા માટે ભુજધામથી મહંત સ્વામીના આશીર્વાદ લઈને પૂ.શૌનકમુનિ સ્વામી તેમજ સંતોએ પધારી પ્રત્યક્ષભાવથી ભાવસભર હૈયે અદ્‌ભુત મહાપૂજા કરાવી હતી.








આ મહાપૂજાનો ૬૦૦૦ ઉપરાંત હરિભક્ત ભાઈઓ-બહેનોએ મુખ્ય સભામંડપ, કથાહોલ, ચિદાકાશ, કીર્તનહોલ, ભક્તિહોલ અને બેઝમેન્ટમાં પ્રત્યક્ષ લાભ લીધો હતો, જ્યારે ૬૦૦૦ ઉપરાંત હરિભક્તોએ Net ના માધ્યમે ઘરેબેઠાં આ મહાપૂજાનો લાભ લીધો હતો. એકસાથે આટલી મોટી સંખ્યામાં થયેલ મહાપૂજાના દર્શનનો નજારો એવો અલૌકિક અને દિવ્ય હતો કે, એ દર્શન કરનારના હૃદયમાં સહેજે અહો...અહો... થઈ જાય ! તેમાં પણ મહાપૂજાને અંતે કરાવેલી પ્રાર્થનાથી તો સૌનાં હૈયાં રડી પડ્યાં હતાં. અંતમાં પૂ.ગુરુજીએ પૂ.શૌનકમુનિ સ્વામી આદિક સંતોનું પૂજન કરી ભેટીને અનહદ રાજીપો વ્યક્ત કર્યો હતો.









WATCH VIDEO



# વિવિધ કાર્યક્રમો


પ્રસાદીભૂત ચંદનથી અર્ચા


ભક્તોને ભાવથી પ્રસાદ પીરસતા પૂ.સંતો


હરિયાગ


બ્લડડોનેશન કેમ્પ


સંચાલક સભા


ગ્રંથ વિમોચન


છાશ પ્રસાદ

## ટ્રસ્ટીબોર્ડનું સન્માન


શ્રીસ્વામિનારાયણ મંદિર, ગઢપુરધામ ટ્રસ્ટીબોર્ડ સભ્યો


શ્રીસ્વામિનારાયણ મંદિર, જૂનાગઢધામ ટ્રસ્ટી સભ્યશ્રી

## રાજીપા સભા




શ્રીઘનશ્યામ મહારાજ દ્વિદશાબ્દી મહોત્સવમાં ઉનાળાની ગરમીમાં પણ ખૂબ ભાવથી સેવા કરનાર સ્વયંસેવકોને રાજીપો આપવા માટે પ.પૂ.ગુરુજીએ **તા.૦૧/૦૬/૨૦૨૪ ને શનિવારના રોજ રાજીપા સભાનું આયોજન** કરાવ્યું હતું. તેમાં જેમણે નિષ્ઠા અને સમર્પણભાવ સભર દિલના ઉમળકાથી રાત-દિવસ જોયા વિના તનતોડ-મનમોડ સેવા કરી હતી, તેવા નાના-મોટા તમામ સ્વયંસેવકોને યાદ કરી પૂ.ગુરુજીએ અંતરનો રાજીપો અને આશીર્વાદ વરસાવ્યા હતા. પ્રત્યક્ષ તથા નેટના માધ્યમે હજારો હરિભક્તોએ આ સભાનો લાભ લીધો હતો. અંતે પૂ.સંતોએ સૌ ભક્તોને પ્રસાદ પીરસીને વધુ રાજીપો આપી ધન્ય કર્યા હતા.

INDEX

## શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાની
# છેલ્લા ૨૦ વર્ષની દિવ્ય સ્મૃતિ (ઈ.સ.૧૯૯૪-૨૦૨૪)

WATCH VIDEO

ઈ.સ.૧૯૯૪


જૂનું છાપરાવાળું શ્રીસ્વા.મંદિર, કારેલીબાગ-વડોદરા


શ્રીજી સત્સંગ છાવણી

ઈ.સ.૧૯૯૬


કારેલીબાગ-વડોદરા સંતભુવન શિલાન્યાસ

ઈ.સ.૧૯૯૭


જૂના મંદિરમાં પૂ.જોગી સ્વામી-રાજકોટ ગુરુકુળ

ઈ.સ.૧૯૯૭


સંતભુવન ઉદ્‌ઘાટન નિમિત્તે હરિયાગ


શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૧૦

ઈ.સ.૧૯૯૮


નૂતન શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ-વડોદરા મંદિરનું ખાતમુહૂર્ત


નૂતન શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ-વડોદરા મંદિરનો શિલાન્યાસ

ઈ.સ.૧૯૯૯


જળઝીલણી એકાદશી


જન્માષ્ટમી ઉત્સવ

ઈ.સ.૨૦૦૦


સહજાનંદ મહોત્સવ


સહજાનંદ મહોત્સવ

ઈ.સ.૨૦૦૧


શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ-વડોદરા



યુવા સંસ્કાર શિબિર


ઈ.સ.૨૦૦૨


ભવ્ય હિંડોળા ઉત્સવ


બાળ-યુવા સંસ્કાર શિબિર

ઈ.સ.૨૦૦૩


જળઝીલણી એકાદશી


ભવ્ય હિંડોળા ઉત્સવ

ઈ.સ.૨૦૦૪



નિજ મંદિરમાં પ્રતિષ્ઠા બાદ પ્રથમ આરતી



પ્રીતમ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ઈ.સ.૨૦૦૫



પ્રથમ પાટોત્સવ પ્રસંગે હરિયાગ



પ્રથમ પાટોત્સવ

ઈ.સ.૨૦૦૬



સત્સંગ છાવણી-૩



અન્નકૂટ આરતી

ઈ.સ.૨૦૦૭



ભવ્ય હિંડોળા ઉત્સવ



શ્રીઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા આચાર્ય મહારાજશ્રી

ઈ.સ.૨૦૦૮



જન્માષ્ટમી ઉત્સવ



ભવ્ય હિંડોળા ઉત્સવ

ઈ.સ.૨૦૦૯



ભવ્ય હિંડોળા ઉત્સવ



ભક્તિભાવ

ઈ.સ.૨૦૧૦



સહજાનંદી યુવા સંમેલન



રક્ષાબંધન

ઈ.સ.૨૦૧૧



સહજાનંદ ભુવન નિર્માણ



સાતમો પાટોત્સવ

ઈ.સ.૨૦૧૨



સાગર કથા પ્રથમ વાર્ષિક સમારોહ



રક્ષાબંધન

ઈ.સ.૨૦૧૩



ગુરુપૂર્ણિમા



નવમો પાટોત્સવ

ઈ.સ.૨૦૧૪



શ્રીઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ


સહજાનંદ ભુવન ઉદ્‌ઘાટન

ઈ.સ.૨૦૧૫


હિંડોળા ઉત્સવ


ગુરુપૂર્ણિમા

ઈ.સ.૨૦૧૬


સાગરકથા પૂર પૂર્ણાહુતિ


રક્ષાબંધન

ઈ.સ.૨૦૧૭


મ્યુઝિક ફોર સાગર કથા


રંગોત્સવ

ઈ.સ.૨૦૧૮


પાટોત્સવ-૧૫ નિમિત્તે પ્રભાતફેરી


યુવા શિબિર

ઈ.સ.૨૦૧૯


ઘનશ્યામ પંચદશાબ્દી મહોત્સવ


પાટોત્સવ-૧૫

ઈ.સ.૨૦૨૦


કોરોના કાળ-ચિરંજીવી હોસ્પિટલમાં


કોરોના કેર સેન્ટર-શ્રીસ્વા. મંદિર સહજાનંદ બિલ્ડીંગ

ઈ.સ.૨૦૨૧


કોરોના વેવ-૨, વર્ચ્યુઅલ શ્રીહરિયાગ


અખંડ ભજનયાગ સમાપ્તી સમારોહ

ઈ.સ.૨૦૨૨


પાટોત્સવ-૧૮


શ્રીહરિની સાકરતુલા

ઈ.સ.૨૦૨૩


પાટોત્સવ-૧૯

ઈ.સ.૨૦૨૪



અયોધ્યા રામ મંદિર નિમિત્તે રથયાત્રા

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીગણેશભાઈ દેવજીભાઈ ગાબાણી-ખોપાળા



મૂળગામ ખોપાળા અને હાલ સુરતમાં રહેતા પ.ભ.શ્રીગણેશભાઈ દેવજીભાઈ ગાબાણી તા.૦૫/૦૬/૨૦૨૪ના રોજ ૮૮ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં કરતાં અક્ષરવાસી થયા છે. પૂ.ગુરુજી તથા સંતો ખોપાળામાં રહેતા ત્યારથી ગણેશદાદા નિષ્ઠાપૂર્વક પૂ.ગુરુજી સાથે જોડાયેલા હતા. તેમણે કથા-વાર્તામાંથી સંતોને જમાડવાનું ખૂબ માહાત્મ્ય સમજાયું હોવાથી તેઓ વારંવાર રસોઈ આપી મહારાજ અને સંતોને જમાડતા હતા. તેમણે કુંડળધામમાં ૧૧ વર્ષ ઉપરાંત સમર્પિત રહી ખૂબ સારી સેવા કરી હતી. પ્રસંગોપાત્ત તેઓ પોતાની કોમેન્ટ કરીને પણ પૂ.ગુરુજી અને સંતોને આનંદ કરાવતા આવા તેઓ નિર્માની હતા. ગણેશદાદાને વાંચનનું ખૂબ સારું અંગ હતું. તેથી જ તેમણે ભક્તચિંતામણિ, હરિસ્મૃતિ, શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના કેટલાય પાઠ કર્યા હતા. વળી, વડતાલધામ શ્રીવચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે વચનામૃતના ખૂબ પાઠ કર્યા હતા. રોજના ૧૮-૧૮ કલાક તેઓ વાંચન કરતા. તેથી રોજ વચનામૃતનો એક પાઠ કરી લેતા; એવી તેમને શ્રદ્ધા હતી. સવારે ૪:૩૦ વાગ્યે જાગી જતા અને ૧૮ કલાક વાંચન કરતા.

તેઓ કહેતા કે, "હું જ્યારે વ્યવહાર કરતો ત્યારે મેં મારા પંડ્ય(દેહ) માટે ખૂબ કર્યું છે, અને હવે મારા જીવ(કલ્યાણ) સારુ કરું છું. તેમાં આળસ થોડી કરાય ?" આમ તેમણે જિંદગીની પળેપળનો કસ કાઢીને ઉપયોગ કરી લીધો હતો. તેઓ ક્યારેય સમય અને પૈસાનો ખોટો બગાડ કરતા નહીં એવા તેઓ વેતરણવાળા હતા. પૂ.ગુરુજી સુરત પધાર્યા ત્યારે તા.૧૯/૦૫/૨૦૨૪ના રોજ મહારાજ અને સંતોને લઈને તેમના ઘરે તેમના ખબરઅંતર પૂછવા, દર્શન દેવા પધાર્યા હતા. આવા ગણેશદાદાના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીકરશનભાઈ સવજીભાઈ ડોડિયા-નાગનેશ



મૂળગામ નાગનેશમાં રહેતા પ.ભ.શ્રીકરશનભાઈ સવજીભાઈ ડોડિયા તા.૦૨/૦૬/૨૦૨૪ના રોજ ૭૮ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતાં થકાં અક્ષરવાસી થયા છે. તેઓ સત્સંગની ખૂબ સારી નિષ્ઠાપૂર્વક સેવા કરતા એવા આપણા આત્મીયસભ્ય વનરાજભાઈ ડોડિયા(સુરેન્દ્રનગર)ના પિતાશ્રી હતા. કરશનદાદા સારા સત્સંગી હતા. તેમણે નાગનેશ મંદિરમાં ૧૦ વર્ષ સુધી ભગવાન શ્રીહરિના પૂજારી બનીને સેવા કરી હતી તથા ભગવાનના થાળના લાડુ બનાવવાની સેવા કાયમ કરતા હતા. તેઓ સેવા, સંતદર્શન તેમજ સંતસમાગમનો લાભ લેવા અવારનવાર કુંડળધામમાં આવતા. તેમના અંતસમયે પૂ.ગુરુજી વતી વહાલા સંતો ઠાકોરજીને લઈને સુરેન્દ્રનગરમાં દાદાની ખબર કાઢવા માટે પધાર્યા હતા. આવા ભાગ્યશાળી કરસનદાદાના આત્માને શ્રીહરિજી મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.નનુભાઈ આંબાભાઈ વઘાસિયા-સુરત



મૂળગામ વાંસિયાળીના પ.ભ.નનુભાઈ આંબાભાઈ વઘાસિયા તા.૨૪/૦૫/૨૦૨૪ના રોજ ૮૫ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં કરતાં અક્ષરનિવાસી થયા છે. તેમના દીકરા મુકેશભાઈ વઘાસિયા(કોઠારી) મુંબઈમાં રહી ખૂબ સારો સત્સંગ કરે-કરાવે છે. નનુદાદાને નામ-સ્મરણનું અંગ સારું હતું. વળી, તેમણે વચનામૃતના ૧૦૮ પાઠ પણ કર્યા હતા. સ્વભાવે શાંત અને સરળ એવા નનુદાદા કુંડળધામમાં અવારનવાર સેવા કરવા આવતા હતા. તેમને સંતોમાં ખૂબ સારો ભાવ હતો; એવા નનુદાદાના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે એ જ અભ્યર્થના...

# સત્સંગ સમાચાર

## ● રજત જયંતી મહોત્સવ-શ્રીસ્વા.મંદિર-કલાકુંજ, સુરત એવં પંચાબ્દી મહોત્સવ-શ્રીસ્વા.મિશન-લસકાણા






શ્રીસ્વામિનારાયણ મંદિર, કલાકુંજ દ્વારા તા.૧૦ મે થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન મંગલમૂર્તિ શ્રીઘનશ્યામ મહારાજનો રજત જયંતી મહોત્સવ અને શ્રીસ્વામિનારાયણ મિશનમાં બિરાજતા ભક્તિનંદન શ્રીઘનશ્યામ મહારાજનો પંચાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવના પ્રેરક એવં વક્તા એવા પ.પૂ.સદ્.શ્રીનીલકંઠચરણદાસજી સ્વામી (જેતપુર)એ ભક્તચિંતામણિ કથા અને બીજા વક્તા એવા પ.પૂ.શા.શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા-સાળંગપુર) એ શ્રીમદ્ ભાગવત કથા-પારાયણનું સંગીતની સુરાવલીઓ સાથે રસપાન કરાવી અનેરો લાભ આપ્યો હતો. મહોત્સવમાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે સહપરિવાર પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. ઉપરાંત ધામોધામથી અનેક મહાનુભાવ પૂ.સંતોએ પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

તા.૧૭/૦૫/૨૦૨૪ના રોજ કુંડળધામથી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી (પૂ.ગુરુજી)એ પધારી વ્યાખ્યાનમાળાનો અલૌકિક લાભ આપ્યો હતો. જેમાં 'મારે મોહન સંગે મેળાપ વાલપ વાધી છે...' એ કીર્તન વિવેચનના માધ્યમે પ્રભુના આશરાની વાતો કરી હતી.

આ ઉપરાંત સમગ્ર મહોત્સવમાં યજ્ઞ, અભિષેક, અન્નકૂટ, સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળનગરી, આરોગ્ય કેમ્પ, બટુક વિપ્રોને યજ્ઞોપવિત સંસ્કાર જેવા અનેક કાર્યક્રમો યોજાયા હતા. આ સમગ્ર મહોત્સવમાં યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીજેઠાભાઈ દાનાભાઈ વાઢેર (આહિર)એ લીધો હતો.

## ● ૧૪૮મો પાટોત્સવ એવં ત્રિદિનાત્મક શ્રીભક્તચિંતામણિ પારાયણ-શ્રીસ્વા.મંદિર, વાડી-વડોદરા





શ્રીસ્વામિનારાયણ મંદિર, વાડી-વડોદરામાં બિરાજતા શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ, શ્રીરણછોડરાયજી તથા શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોના ૧૪૮મા પાટોત્સવ પ્રસંગે પ.પૂ.સદ્.શ્રીકે.કે.શાસ્ત્રી

સ્વામી તથા પ.પૂ.સદ્.શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદથી અને પ.પૂ.સદ્.શ્રીવિષ્ણુપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી ત્રિદિનાત્મક શ્રીભક્તચિંતામણિ અંતર્ગત સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીએ પૂરેલ પરચાની કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા પ.પૂ.શા.શ્રીનયનપ્રકાશદાસજી સ્વામી (ગુરુ : પ.પૂ.સદ્.શ્રીપી.પી.શાસ્ત્રીજી, જલગાંવ-મહારાષ્ટ્ર) એ વ્યાસાસને બિરાજી સર્વે સત્સંગી પ્રેમી ભક્તોને પરચા પ્રકરણની કથાનું રસપાન કરાવી સુંદર લાભ આપ્યો હતો.

આ પ્રસંગે તા.૨૧/૦૫/૨૦૨૪ના રોજ પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ સંતમંડળ અને ભક્તો સાથે પધાર્યા હતા. નિજ મંદિરમાં બિરાજિત દેવોનાં દર્શન કરી પૂ.ગુરુજીએ કથા પારાયણમાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને પ્રેરણાદાયી વાતો કરી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ પાટોત્સવ એવં કથા પારાયણના યજમાનપદની સેવાનો લાભ અ.નિ.શ્રીચંદ્રવદન જીવનલાલ પટેલ તથા અ.નિ.શ્રીનિર્મળાબેન ચંદ્રવદન પટેલના સુપુત્રો પ.ભ.શ્રીદિલીપભાઈ, પ.ભ.શ્રીદિનેશભાઈ તથા પ.ભ.શ્રીનિમેષભાઈએ લીધો હતો.

## ● ૬૯મો વાર્ષિક પાટોત્સવ એવં શ્રીહરિલીલામૃત કથા પારાયણ-વીરસદધામ






વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે તથા સદ્ગુરુવંદના મહોત્સવ અંતર્ગત શ્રીસ્વામિનારાયણ મંદિર, વીરસદધામમાં વિરાજમાન દેવોના ૬૯મા પાટોત્સવ પ્રસંગે તા.૧૪/૦૫/૨૦૨૪ થી ૧૮/૦૫/૨૦૨૪ દરમિયાન પંચ દિનાત્મક શ્રીહરિલીલામૃત કથા પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કથા પારાયણના વક્તાપદે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામના શિષ્યો પૂ.સાધુ નિરંજનદાસજી સ્વામી તથા પૂ.સાધુ પ્રસન્નવદનદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી સુંદર સંગીતમય શૈલીમાં શ્રીહરિલીલામૃત ગ્રંથની કથાનું રસપાન કરાવી સૌ ભક્તોને પ્રભુનાં લીલા ચરિત્રોના માધ્યમે હરિવરમાં હેત કરવાનો સુંદર લાભ આપ્યો હતો.

આ પ્રસંગે તા.૧૭/૦૫/૨૦૨૪ના રોજ વડતાલધામથી પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે પધારી દર્શન-આશીર્વચનનો સુંદર લાભ આપ્યો હતો. કથા પારાયણ દરમિયાન સત્સંગ મહાસંમેલન, દિવ્ય અભિષેક અને ભક્તોએ ભાવથી બનાવેલ અન્નકૂટની આરતી-દર્શન જેવા વિવિધ કાર્યક્રમોનો પણ સૌને વિશેષ લાભ મળ્યો હતો. વળી, તા.૧૫/૦૫/૨૦૨૪ના રોજ પૂ.ગુરુજીએ પધારી ‘મારે મોહન સંગે મેળાપ વાલપ વાધી છે...’ એ કીર્તન વિવેચનના માધ્યમે ઉપસ્થિત સૌ સંતો-ભક્તો અને Net ના માધ્યમે જોડાયેલ હજારો હરિભક્તોને પ્રભુ મહિમાની વાતો કરી વહાલા મહારાજમાં હેત વધારવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું. આ સમગ્ર મહોત્સવના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીઈલેશભાઈ શાંતિલાલ કા.પટેલે(વીરસદ, હાલ. USA) લીધો હતો.














ચંદનના વાઘામાં શોભતા શ્રીઘનશ્યામ મહારાજ, કારેલીબાગ-વડોદરા



ચંદનના વાઘામાં શોભતા શ્રીહરિકૃષ્ણ મહારાજ-વડતાલધામ